॥ શ્રી ॥

જુગતંબા સ્તવન

અંક નવમો.

રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર.
નડીઆદ નિવાસી
નાગર સાઠોદરા.
માણેકલાલ લલ્લુભાઈ મહેતા.

અમદાવાદ.
રીચીરોડની સડક ઉપર આવેલા "શ્રી જૈન
વિદ્યાવિજય પ્રીન્ટીંગ પ્રેસ" માં
શા. ચુનીલાલ અમથાશાએ છાપ્યું.

પ્રત ૫૦૦.

સંવત ૧૯૬૭ ના જેઠ શુકલ પક્ષ.
સને ૧૯૧૧. જુન.

॥ શ્રી ॥

જુગતંબા સ્તવન.

ગણપતીની સ્તુતિ

ગીતીવૃત.

પ્રથમે પ્રણમું પ્રેમે વક્રતુંડ છો પ્રતાપ બહુ ભારી,
નવમ સ્તવન અંબાનું, રચવા દેજો મતી મને સારી.

સરસ્વતીની સ્તુતિ.

હે માત બ્રહ્મતનયા, સરસ્વતી જાણી,
પ્રેમે પ્રણામ કરિને વદું નમ્ર વાણી,
માગું સદા શુભ વરો, હૃદયે તું લીજે
નવમ ભાગ રચવા, શુભ વાણી દીજે.

રાગ આશાગોડી.

દર્શન દ્યો મતબાલી, અંબે મુને દર્શન દ્યો મતબાલી,
અધમ ઓધારણ માત તમેછો, શરણાંગત પ્રતીપાળી. અંબે. ૧
કુમકુમ અક્ષત લેઈને વધાવું, ચાચર ચોક દીવાળી,
ગોખે બીરાજ્યાં મા સોખ કરંતાં, કાંન્તી દીસે રઢીયાળી. અંબે. ૨
પુજવા પારો મા દેજોને વારો, માત આરાસુરવાળી,
કરપુર પુષ્પના હાર પેહેરાવું મા, સુગંધી અત્તરવાળી. અંબે. ૩

આરતી કરૂં હું ધુપદીપ સંગે, અબીલ ગુલાલ ઉછાળી,
અકળકળા તારી પાર ના પામે, વિધી હરીહર વનમાળી. અંબે ૪
અસુર ઘણાને તેં રણમાંહ્ય રોળ્યા, દેવ કીધા જયશાળી.
અનેક રંકને રાય કર્યા ત્હેં, જુગતંબા જસવાળી. અંબે. ૫
વ્યાપી રહ્યાં સઉ વીશ્વે વીશ્વંભરી, જાગતી જ્યોત જ્યાળી,
ભવસીંધુ માહા મોહ ભર્યો છે, તારો તમે માહાકાળી. અંબે. ૬
ચરણાંબુજ મુજ ચીત તુજ ચરણે, શરણે રાખો બીરદાળી,
માણેકલાલને સંકટ સમયે, સાહ્ય કરો દુઃખ ટાળી. અંબે. ૭

ગેજલ.

અંબા મ્હારે આશરો ત્હારો, સદા મુજ કાર્ય સુધારો,
કાર્ય સુધારો માવડી, ભક્તતણી પ્રતીપાળ;
આનંદ દીન દીન આપતાં, પળપળ લેઈ સંભાળ.
લેઈ સંભાળ સુખ આપો, શેવક શીર માત કર સ્થાપો,
જપુ જગદંબ તુજ જાપો, અરજ અલબેલી સ્વીકારો. અં. ૧
અરજ સ્વીકારો ઇશ્વરી, મતબાલી મંમાય;
મહીશાસુરને મારીયો, દેવની કીધી સ્હાય.
કરી તેં સાહ્ય સુખ અર્પ્યું જગતમાં નામ તો વ્યાપ્યું,
મારી શુંભ નીશુંભ દુખ કાપ્યું, કરે સુર જયજય ઉચ્ચારો. અં. ૨
સુર સર્વે જયજય કરે, વરસાવે પુષ્પ વાર;
આનંદ વાધ્યો અતી ઘણો, ત્રીપુરા તારણહાર.
તારોને માત મંમાયા, શેવે વીધી વીશ્નુ શીવરાયા,
ભવાની ભકત સુખદાયા, તેડી પુજુ માત તુજ પારો. અં. ૩

પુજુ માત પરમેશ્વરી, જાગતી જ્યોત અપાર;
શરણાંગતને તારજો, મ્હારે તુજ આધાર.
ખરો આધાર મા ત્હારો, ગણી મને દાસ ઉગારો,
ગ્રહીને હસ્ત મા મ્હારો, સંકટ સર્વ માત નીવારો. અં. ૪
ત્હારે તો ભકતો ઘણા, મ્હારે તો તું એક;
પાલવ વળગ્યો તાહારે, રાખજો મ્હારો ટેક.
રાખોને ટેક મા મ્હારી, મ્હારે મ્હોટી ઓથ તમારી;
માણેકલાલ જાય બલીહારી, મને કરશો નહી ન્યારો. અં. ૫

ગરબી.

સારૂં સારૂંરે સુરત શહેર—એ રાગ.

આવ્યો આવ્યોરે આસો માસ આનંદ દીન આજે;
અંબાએ વીચાર્યું મન ગાવા ગરબા કાજે.
ગરબા ગવા સખી કર રહાવા, મન વીચાર્યું માતરે;
સઉ શકત્યોને તેડયાં માએ, વીશ્વ વીશે વીખ્યાત. આ. ૧
આશાપુરી અંબાઇ અર્બુદા, આવ્યાં બહુચર માયરે;
મ્હાલક્ષમીને માત તુળજા, ખોડીયાર હીંગળુ જાય. આ. ૨
વાગ્હીને નંદા આનંદા, ચંડી ચામુંડાયરે;
કાત્યાયનીને કમળા સાથે, કાળી કરે કરૂણાય. આ. ૩
આદ્યે શકતો સઉ પધાર્યાં, ગાવા માડયાં ગીતરે;
અંબાના શણગારનું વર્ણન, ચાહે માણેકલાલ ચીત. આ. ૪

અંબાના શણગારનું વર્ણન.

કયાંથી આ સંભળાય મધુર સ્વર—એ રાગ.

ચતુરા કરે ચળકાર, સખીની સંગે ચતુરા કરે ચળકાર;

પેહેર્યાં જરીયન ચીર અંબાએ, ચોળીમાં જરીયન તાર. સખી. ૧
ચંદ્ર સરીખુ વદન મનોહર, અંગ દીસે ઝગમકર. સખી. ૨
કાને એરીંગ લીલમ લળકે, હીરા જડીત્ર અપાર. સખી. ૩
બાજુબંધને બંગડી હાથે, કંકણી કરે ચળકાર. સખી. ૪
હાથે ફુલના ગજરા ધર્યાછે, ગળે મોતીના હાર. સખી. ૫
સીંહના જેવી ચાલ ચટકતી, ભમર કરે ગુંજાર. સખી. ૬
પાએ નેપુર ઝાંઝર ઝમકે, જેવો વીદ્યુત ચમત્કાર. સખી. ૭
જગમાં જનમી એને ના જોઇ,તેનો છે ખીક અવતાર,સખી.૮
નડીયાદી માણેકલાલ કહેછે, સ્વરૂપતણો ભંડાર. સખી. ૯

રાગ પીલુ.

એવા શણગારરે ધરી ચાચર ગુણ ગાતાં;
સખી સંગે હીંડે મદમાતાં,
પાડે તાળીરે કોકીલસ્વર ચીત રહાતાં;
ફરે લંક લળી રંગ રાતાં.
ઝુલ. એવા વીધી વીશ્નુ શીવ આવ્યારે;
સાથે ઇંદ્ર અમરને લાવ્યારે,
તે તો અંબાતણે મન ભાવ્યારે,
દેવ દેવીરે અંબા તણા ગુણ ગાતાં. સખી સં.૧
જન સરવેરે જયજય શબ્દ ઉચરતાં,
નીરખી નેનામ્રત સુખ ભરતાં;
અલબેલીરે આનંદ મંગળ કરતાં,
ભક્તોનાં દુઃખ સહુ હરતાં.

જુલ. જે કોઇ અંબાનો શણગાર ગાશેરે;
તેને જુગતંબા પ્રસન્ન થાશેરે,
માણેકલાલની પુરજો આશેરે;
નીત્ય નમું છું રે ગુણ તુજ અંબા ગાતાં. સખી સં. ૨

સરબો.

વીણ.વેલીના નાટકના રાગનો.

જુઓ સખી અંબાનો શણગાર હાર,
મુખ જાણે શોભે રૂડો ચંદ્રમા;
પેર્યાં જેણે રત્નમણી હાર–અપાર
શોભે સીંહાસને આનંદમાં.

સાખી.

ધન્ય અરાસુરી માતને, વંદન કરૂં જગમાત;
નેનાપ્રતે દર્શન કરૂં, જોડીને બેઉ હાથ;
નમું હું પ્રીત કરી મમાય, આનંદ અતી ઉરેરે,
જેને નામે દુઃખ દુર થાય; ચીત ા જે સ્મરેરે.
ધરોને તમે અંબે અલબેલી માનું ધ્યાન;
પ્રીતે કરો તમે તેના ગુણ ગાન. નમું. ૧

સાખી.

નારાયણી લ્યો ન્યાળીને, તનમાં તાઢક થાય;
વીજય થાય સઉ વીશ્વમાં, આનંદમાં દીન જાય. નમુ. ૨
ભાઇ જે ગાએ અંબેનું ગાન, તે પામે સઉ ઠામે માન;
મોટા મોટા દે તેને સનમાન, કરે ગાનને થાય ગુલતાન. નમું. ૩

સાખી.

ભજો ભવાની માતને, આરાસુરા અંબાય,
માણેકલાલ હૃદયે વસો, ગુણલા તારા ગાય. નમું. ૪

ગરબી.

જય જય જય ખીરદાળી બાળા બહુચરા,
નેહ નજર કરો મતબાલી મંમાયજો;
જેવો તેવો દાસ તમારો જાણીને,
સંકટ સમયે કરજો મુજને સાહ્યજો. જય જય. ૧
સ્વેતગીરથી આવ્યાં ચોક ચુંવાળમાં;
નીજ ભક્તોનાં સંકટ હરવા માયજો;
અદ્ભુત આંગી ઓપે આઇની ગોખમાં,
યંત્ર અનોપમ ત્હારો માજી પુજાયજો. જય જય. ૨
નારીનો નર કીધો ત્હેં ક્ષણુ એકમાં,
માનસરોવર નાહાતાં નીરમળ થાયજો;
બ્રહ્માદીક ઈંદ્રાદિક સુર મુનિ શેવતા,
સનકાદિક મા ગુણુલા ત્હારા ગાયજો. જય જય. ૩
વ્યાસ વસીષ્ટ વલ્લભ યદુને મા તારીયા,
પંચાક્ષરી બાળા જપતાં સુખ થાયજો;
અષ્ટ સીદ્ધી નવનીધી આપો બહુચરા,
માહા વ્યાધી ભય દુખડાં સરવે જાયજો. જય જય. ૪
નીશદીન દર્શન આપો માત માહેશ્વરી,
જનમ જંનમનાં પ્રાયશ્ચીત દૂર પળાયજો;
મ્હારે તો મા માત તાતને ભ્રાત તુ,
માણેકલાલ ચીત ચરણાંબુજ તુજ ચ્હાયજો. જય જય ૫

ગરબો.

જય જય જય જગદીશ્વરી દેવી અંબીકા,
વીશ્વવંદની કૃપા કરો મંમાયજો;
હીમગીરીથી આરાસુરમાં આવીયાં,
ગુજરાત હદપર ભકતની કરવા સાહ્યજો. જય જય. ૧
કારણ શોભા સર્વ શકતીનુ નુરછો,
પ્રગટ થયાં દો માજી ત્રણ સ્વરૂપજો,
પ્રથમ સ્વરૂપ મ્હાલક્ષ્મીનું મા ધારીયુ,
બીજુ ધરીયુ કાળીકાળકા રૂપજો. જય જય. ૨
ત્રીજુ રૂપતો સરસ્વતીનું મા ધારીયુ,
ત્રણ સ્વરૂપે ત્રીપુરા નામ કહેવાયજો;
ત્રણ સ્વરૂપનાં બબ્બે રૂપ મા ધારીયાં,
સરસ્વતી તે બહુચર નામ ગવાયજો. જય જય. ૩
કાળીએ ધરતીનુ રૂપ મા ધારીયુ;
જેનો આ શ્રષ્ટીને છે આધારજો;
લક્ષમી માયા દ્રવ્ય રૂપે થઇને રહ્યાં;
પોશણ કરતાં માત સકળ સંસારજો. જય જય. ૪
શીવ વીધી વીશ્નુ જસ મા ત્હારા ઉચરે,
સેવે ત્હેની અંબા પુરતાં આશજો;
માણેકલાલ કહે દાસ હું માજી તાહારો,
ગુજરાત મધ્યે નડીયાદ મ્હારો વાસજો. જય જય. ૫

ગરબી.

શોભા રહ્યુ ત્યાં શ્યામની તું જોને સખી—એ રાગ.

શોભા અલમેલી અંબે માતની, તુ જોને બાઇ. સોભા અલમેલી,

કોટીસુરજ રમ ઝખડુરે સોભે, કાંન્તી અરૂણ પ્રભાતની. તુ.
સાળંક્રત સીંહાસને સીખરપર, બીરાજ્યાં અકળ ગ્નાતની. તુ.
કોટી આભુષણ અંગેરે ઝગકે, હાર હીરા કંઠી ભાતભાતની તુ.
માણેકલાલ ચીત ચ ણે તમારે શરણે રાખોને સુખ સ્યાતની. તુ.

જોટો.

નારાયણીના નામને, ભજોને તમે નારાયણીના નામને;
એક અખંડ અનંત અગોચર, અકળકળા એ આકામને ભ. ૧
મહીશાસુર મરદન જેણે કીધુ ચુંડ મુંડ ચોળ્યા તમામને. ભ. ૨
શુંભ નીશુંભ રકતબીજ રણે રોળ્યા, દહીતોના ટાળ્યા ઠામને.
ભજોને. ૩
હીમગીરથી આવ્યાં ગુજરાત હદપર, પાવન કીધું આરાસુર ગામને.
ભજોને. ૫
માણેકલાલ ગુલામ વણુ ગામનો, હું તો જપુ અંબા ત્હારા નામને

ગરબી.

જવાદો મને શાને રોકોછો વાટમાં—એ રાગ.

સેવોને બાળા બહુચર મા બીરદાળી;
હાંરે સાહ્ય કરજો આરાસુરવાળી. સેવોને ૧
સોળંકીની જેણે શોભારે રાખી;
હાંરે કર્યો નારીનો નર દુઃખ ટાળી. સેવોને. ૨
શીવ વીધી વીશ્નુ જાપ જપે જેનો;
હાંરે એવી બહુચર મા બીરદાળી. સેવોને ૩
નખ શીખ શોભા વરણી ના જાયે;
હાંરે કોટી રવી શશી અજવાળી. સેવોને. ૪
શેવે ત્હેને નરનીદ્ધ ધન આપે;

હાંરે સુખ સર્વ આપેછે કૃપાળી. સેવોને. ૫
જગતમાતા એ રીદ્ધ સીદ્ધ દાતા;
હાંરે શરણાંગતની છે એ પ્રતીપાળી સેવોને. ૬
બાળાતણી પત રાખજે હો મૈયા;
હાંરે મ્હારાં પાપ તે દેજે પ્રજાળી. સેવોને. ૭
માણેકલાલ ચીત ચરણે તમારે;
હાંરે પળે પળે લેજો મા સંભાળી. સેવોને. ૮

ગરબો ૬.

આરાધો તમે અંબા આરાસુર રાણી;
હાંરે જગતજનુની જગત સુખ ખાણી. આરાધો. ૧
ત્રીપુરા તારક ત્રી અક્ષી અંબાજી;
હાંરે લક્ષ્મી રૂદ્રાણી બ્રહ્માણી એને જાણી. આરાધો. ૨
શેષ સહસ્ત્ર મુખે જાપ જપે નીત્યે;
હાંરે ઉદો ઉદો કહે વેદ ચાર વાણી. આરાધો. ૩
શાંતી રૂપે સર્વ ઠામે વસ્યાં છો;
હાંરે શકતીવિના સરવ ધુળધાણી. આરાધો. ૪
આને ચરણ જઇ શીશ નમાવે;
હાંરે મન વાંછીત પામે તે પ્રાણી. આરાધો. ૫
માણેકલાલને કૃપા કરીને;
હાંરે ગુણ ગાવા આપોને શુદ્ધ વાણી. આરાધો. ૬

ગરબો.

ભજોને અંબા આનંદકંદ અલબેલી;
હાંરે આરાસુરમાં આનંદની એ હેલી, ભજોને ૧
સીંહાસને સીંહપર સ્વારી કરી;

હાંરે માજી બેઠાં છબીલી છેલી. ભજોને. ૨
ત્રીપુરા રૂપે જેને શાસ્ત્રે પ્રમાણી;
હાંરે જેણે સૃષ્ટી સર્વ સરજેલી. ભજોને ૩
શુંભ નીશુંભ મહીશાસુર માર્યા;
હાંરે દેવ સર્વે પુજે જેને પેહેલી. ભજોને. ૪
માણેકલાલ દીન દાસ તમારો;
હાંરે પાય નમે ચરણ શીશ મેલી. ભજોને. ૫

શ્રી કૃષ્ણ ભગવાનની અંબાજીમાં બાધા મેલી તેની ગરબી.

રઘુપતી રામ રૂદેમાં રેજોરે--એ રાગ.

અંબા તારા નામની બલીહારીરે,
સાહ્ય કરજો બહુચર બળધારી. અંબા૦ ટેક.
આદ્યશક્તિ અકળ ના કળાણીરે,
ચારે જુગમાં નથી તું અજાણીરે;
વેદ શાસ્ત્રે તને મા વખાણી. અંબા ત્હારા. સાહ્ય. ૧
અંબા તું તો છે આનંદદાતારે;
શીવ વીશ્નુ વીધી ગુણ ગાતારે,
તું છે સુખ સંપતીની દાતા. અંબા ત્હારા. સાહ્ય. ૨
નંદ જશોદા જાત્રા ત્હારી આવ્યારે,
સાથે શ્રી કૃષ્ન બલભદ્રને લાવ્યારે;
સંગે ગોપ ગોપી ઘણાં આવ્યાં. અંબા ત્હારા. સાહ્ય. ૩
આવી ઉતર્યાં સરસ્વતી તીરરે,
નાહી શુદ્ધ કર્યાં છે શરીરરે;

સાથે સુભટ ઘણા બળવીર. અંબા ત્હારા. સાહ્ય. ૪
જસોદા સાથે બહુ સાહેલીરે;
ત્હારે પારે કંકણી બાધા મેલીરે,
થઇ આનંદની ત્યાંએ હેલી. અંબા ત્હારા. સાહ્ય. ૫
ઉમરે કુમકુમ ચાંદલા કીધારે;
દર્શન કરી ઓવારણાં ટીધાંરે,
નંદ જશોદાનાં કારજ સીધાં. અંબા ત્હારા. સાહ્ય ૬
બ્રહ્મભોજન દાન બહુ દીધાંરે,
કોટેશ્વરનાં દર્શન ત્યાં કીધાંરે;
પંચતીરથીતણાં સુખ લીધાં. અંબા ત્હારા. સાહ્ય. ૭
એ કથા છે શ્રી ભાગવત માંહેરે,
દસમસ સ્કંધ ચોત્રીસમા અધ્યાએરે;
એવું ભાગવત કરતા ગાએ. અંબા ત્હારા. સાહ્ય. ૮
અંબા આનંદ દેવાં અપારરે,
પળે પળે કર્યા ઉપકારરે;
નમું ચરણે હું વારંવાર. અંબા ત્હારા. સાહ્ય. ૯
માણેકલાલ તો કરજોડી કહેછેરે,
ગુજરાતમાં નડીયાદ રહેછેરે;
ચીત ચરણાંબુજે ત્હારે દેછે. અંબા ત્હારા. સાહ્ય. ૧૦

ગરબી.

સુંદીર શોભીતી—એ રાગ.

મહુચર મતબાળી, સાહ્ય કરો તમે મ્હારી બાળાત્રુણવાળી.

આરાસુરપર આપ બીરાજે, સાળંક્રુત સીંહાસને રાજે;
ગોખ મધ્યે ગાયત્રીજી ગાજે, ભુડતાં બાવડી સાહાજે.
બહુચર મતબાલી. સાહ્ય. ૧
સ્હેજે વીમળને કરૂણા કીધી, ગાય ચારંતા ભરી નવનીધી,
સેવરાવી રાય રીદ્ધ સીદ્ધ દીધી, એવાં તમે કૃપા નીદ્ધી.
બહુચર મતબાલી. સાહ્ય. ૨
આસુરા ખટરસ અષ્ટ સીધ દાતા, નીર ગુણમયછો આપ અજાતા,
માહા મોટા મુનીજન ગુણ ગાતા, તું વેદ વીધે વીખ્યાતા.
બહુચર મતબાલી. સાહ્ય ૩
આફત વેળાએ અળગાં ના જાવો, સીંહે ચઢીને વ્હારે આવો,
માણેકલાલના મનમાં ભાવો, મ્હારે ત્હારો જસ ગુણ ગાવો.
બહુચર મતબાલી. સાહ્ય. ૪

ગરબી

ઝપડો લાગ્યો જમનાંને તીરે—એ રાગ.

નમું હું પ્રીતે પરમેશ્વરીને;
પ્રેમે પુજું હું જગદીશ્વરીને. નમુ હું. પ્રેમે.
શકતી ત્હારી ઘટઘટ વ્યાપી;
દેવનાં દુખ તમે નાખ્યાં કાપી. નમુ હું. પ્રેમે.
ચુંડમુંડ નાંખ્યા મા ત્હેં ચોળી;
માર્યા શુંભનીશુંભ રણમાં રોળી. નમુ હું. પ્રેમે.
જગમાં જ્યોત ઝળકે ત્હારી;
નીરખી વીધી હરીહર જાય બલીહારી. નમું હું. પ્રેમે.
માણેકલાલ દાખે મા ત્હારી આશ;
નાગર સાઠોદરા નડીયાદ વાસ. નમુ હું. પ્રેમે.

જોટા.

ભજો ભાઈ ભાવે શ્રી બહુચરીયાં;
હમારાં કારજ તો સેહેજે સરીયાં. ભજો ભા. હમારાં ૧.
અનોપ ગોખ અતિ સુખકારી,
અદભુત આંગીની શોભા સારી. ભજો ભા. હમારાં ૨
નારીનો નર મા ત્હેં કીધો.
માનસરોવરે ત્હેં પરચો દીધો. ભજો ભા હમારાં. ૩
પુરણ પુરૂષારથ મા ત્હેં આપ્યાં,
સોળંકીનાં સર્વે કષ્ટો કાપ્યાં. ભજો ભા. હમારાં. ૪
અકળગત અલબેલી બહુચર ત્હારી,
માણેકલાલ નીરખીને જાએ બલીહારી. ભજો. ભા. હમારાં.૫

ગરબો

પડવે નમું પરમેશ્વરી મા અંબારે;
મને દરસણ દેજો માત ચાચર રમવારે ૧
બીજે બાળા રૂપ બહુચર બાઈરે;
શું વરણુન કરૂં જગમાત અકળ ના કળાઈરે. ૨
ત્રીજે ત્રણ ભુવન વસીયાં દેવીરે;
દહીતોના ટાળ્યા દામ સુર સઉ શેવીરે. ૩
ચોથે ચારે જુગમાંહ્ય નથી તું અજાણીરે;
તને વેદ નેતી નેતી ગાય શાસ્ત્ર પ્રમાણીરે. ૪
પાંચમે પુર્ણ પ્રતાપ અંબા ત્હારોરે;
હું પાલવ વળગ્યો માત ન કરો ન્યારોરે. ૫
છઠે છબીલી માત સાહ્ય તમારીરે;
સઉ દેવનાં ટાળ્યાં દુખ મહીશને મારીરે. ૬

સાતમે સુંદીર રૂપ જોઇ મા તમારૂં રે;
મને આનંદ અંગ ના માય મુદીત મન મ્હારૂં રે.
આઠમ હોમ હવન ત્હારા થાએરે;
દુનીયાંને દરસન થાય મંત્ર ભણાયે રે. ૮
નામે નવદુરગાય રમતાં રંગેરે;
ચાચરમાં ખેલે માત સખીઓ સંગેરે. ૯
દસમે દશ અવતાર અંસ તમારારે;
તુજ શક્તી વડે મંમાય દુષ્ટો માર્યારે. ૧૦
એકાદસી અંબાય અરજ ઉર ધરજોરે;
પળપળ લેઈને સંભાળ શીર કર ધરજોરે. ૧૧
બારસે બાંહ્ય ગ્રહીને મુજને તારોરે;
રાખી ભકતતણો મા ટેક દાસ ઉગારોરે. ૧૨
તેરશે ત્રીપુરા માત જગત ત્રીક્ષાતારે;
શીવ વીશ્નુ વીધીને ઇંદ્ર ગુણ તુજ ગાતારે. ૧૩
ચઉદસે ચઉદ બ્રહ્માંડ વાસ તમારોરે;
મુને જનમો જનમનો દાસ જાણી તારોરે. ૧૪
પુનમે પુર્ણાનંદે પાએ લાગુંરે;
ભવોભવ દો ભગતી માત એ વર માગુંરે. ૧૫
…દર તીથી પુરી થાય ઇશ્વરી આધેરે;
…ાણેકલાલ નમે તમ પાય રહે નડીયાદેરે. ૧૬

દોહરો.

નવ સ્તવન પુરાં થયાં, સ્વીકારી સુખ આપ;
જગ જસ અંબા આપજે, અવીચળ તુજ પ્રતાપ.

સમાપ્ત.

જાહેર ખબર

સરવે સદગ્રહસ્થોને ખબર આપવામાં આવે છે કે શ્રી જુગતંબા સ્તવનના આઠ ભાગની ચોપડીયો જેમાં ન્યાટકના રાગના ગરબા છંદ તથા રાગરાગણીથી ભરપુર છપાયેલી છે તે મફત આપીએ છીએ. તે મળવાનું ઠેકાણું.

બુકસેલર છોટાલાલ ત્રીકમદાસ.

મુ૦ નડીઆદ સાંથની પીપળી.

ં૪